**રાજકોટ ના મહે ૧૪ માં અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રે સાહેબ ની કોર્ટમાં**

ફોજદારી કેસ નંબર : ૩૬૮૧/૨૦૨૧

આંક : ૬

**<u>ફરીયાદી</u>** શ્રી સરકાર

વિરૂઘ્ધ

**<u>આરોપી</u>** વસંત મુકેશભાઈ

**<u>ગુનો :– આઈ. પી. સી. ની કલમ ૨૬૯</u>**

**<u>ચુકાદો</u>**

૧ ફરીયાદ પક્ષના કેસ ની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ હાલ નોવેલ કોરોના વાયરસ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર ઘ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય જેનો ફેલાવો અટકાવવા કેન્દ્ર સરકાર અને રાજય સરકાર તરફથી અનલોક જાહેર થયેલ હોય તેમજ પોલીસ કમિશ્નર સાહેબ રાજકોટ ના ઓ એ શહેરમાં વધારે વ્યકિત ઓ એ એકઠા થવુ નહી તેવુ જાહેરનાંમુ બહાર પાડેલ હોય તેમ છતાં આ કામના આરોપી ઓ એ બિનજવાબદારી પુર્વક નુ વર્તન કરી પોતાને ચેપ લાગવાની સંભાવના તથા ચેપ ફેલાવવાની સંભાવના હોવાનુ જાણતા હોવા છતાં ગુનો કર્યા બાબતનુ આઈ પી સી ની કલમ ૨૬૯ નો ભંગ કરેલ છે.

૨ આરોપી કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સ ની નકલો આપવામાં આવેલ છે આરોપી એ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનુ જાહેર કરી પુરશીષ રજુ કરેલ છે. જે સંદર્ભ આરોપી એ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલલી કબુલાત હોય, તે નહી માનવા માટે કોઈ કારણ નથી, જેથી આરોપી ની કબુલાત ઘ્યાને લઈ તેમને સજા બાબતે પુછતાં જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ ઉપરોકત તમામ સંજોગો ગુનાની હકિકત અને સજા જગોવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપી ની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામના આરોપી ને ક્રી. પ્રો.કો. કલમ ૨૫૨ મુજબ ઈ.પી.કો. કલમ ૨૬૯, મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપી ને રૂા ૧૦૦/– પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમના ભરે તો દિન – ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતીમ મુજબ નો મુદામાલ અત્રેની અદાલતમાં કોઈ વયકિત એ કલેઈમ કરેલ નથી કલેઈમ કરનારની માલીકી સંબંધે ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૧૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યા

( પી. કે. રાય )
૧૪માં અધિક ચીફ જયુડીશ્યલ મેજી
રાજકોટ

UID GJ01112